BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# વૃક્ષો વાવવા માટે અને બૅટ્સમેન પાર્ક (Batsman Park) વૂડલોટના પુનર્નિર્માણ માટે સિટી CN અને ટ્રી કૅનેડા (Tree Canada) પાસેથી મેળવે છે $25,000નું અનુદાન

બ્રૅમ્પટન, ઑન્ટારિયો (22 ઑક્ટોબર 2021) – આજે મેયર પેટ્રિક બ્રાઉન (Mayor Patrick Brown), કાઉન્સિલરો અને ટ્રી કૅનેડા અને ટોરોન્ટો એન્ડ રિજન કન્ઝર્વેશન ઓથોરિટી (TRCA) ના પ્રતિનિધિઓએ બ્રૅમ્પટન ખાતે સ્થિત બૅટ્સમેન પાર્ક વૂડલોટના (વન પેદાશોની નાના પાયે ઉત્પાદન ક્ષમતા ધરાવતું વન્ય ક્ષેત્ર) પુનર્નિર્માણમાં મદદરૂપ થવા માટે CN અને ટ્રી કૅનેડા તરફથી આવેલ $25,000ના અનુદાનની જાહેરાત કરી.

આ વૂડલોટના પુનર્નિર્માણ માટે સિટી TRCA અને લૂઈ આર્બર સેકન્ડરી સ્કૂલ ખાતેના ઈકો ક્લબના વિદ્યાર્થીઓ અને લૂગહીડ મિડલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે કાર્ય કરી જ રહ્યા છે. 389, ફાધર ટોબિન રોડ ખાતેના બૅટ્સમેન પાર્કમાં સ્થિત વૂડલોટને એમરલ્ડ ઍશ બોરર જંતુઓ, 2013ના બર્ફીલા તોફાન અને જંતુઓની બીજી આક્રમક પ્રજાતિઓથી નુકસાન પહોંચ્યું છે. આ ભંડોળથી સિટી અને તેમના ભાગીદારો વાવણી અને દેખરેખની યોજના અને વૂડલોટ માટેના બીજી અન્ય બાબતો વિકસાવી શકશે તેમજ 1,000 નાના મોટા દેશી વૃક્ષો વાવી શકશે.

આબોહવા પરિવર્તનના ઘટાડા અને અનુકૂલનમાં, શહેરી વિસ્તારોમાં વન ઊભું કરવામાં અને જાહેર આરોગ્યને સમર્થન આપીને સ્થળોને વધુ સુંદર બનાવવામાં વૃક્ષોની ભૂમિકા અગત્યની છે. તે એક અગત્યનું હરિત માલખું છે જેનાથી આપણા સમાજને પર્યાવરણીય, આર્થિક અને સામાજિક લાભ થશે. બૅટ્સમેન વૂડલોટમાં વાવેલ વૃક્ષો સિટીને તમના 2040 સુધીમાં વન મિલિયન ટ્રીસ (દસ લાખ વૃક્ષો) ના લક્ષ્ય તરફ લઈ જશે.

આ અનુદાન CN ઈકોકનેક્શન્સ (EcoConnexions) – ફ્રોમ દ ગ્રાઉન્ડ અપ (From the Ground Up) ની પહેલના ભાગરૂપે છે જેમણે આખા કૅનેડામાં હરિતકરણ પરિયોજનાઓમાં પાંચ લાખ ડોલર કરતા વધુ રોકાણ કર્યું છે. CN આ પહેલ મારફત 2012ની સાલથી ટકાઉ, પર્યાવરણીય રીતે જવાબદાર વૃક્ષારોપણ પરિયોજનાઓ દ્વારા કેટલાયે સમુદાયોનું હરિતકરણ કરતા આવ્યા છે. *ફ્રોમ દ ગ્રાઉન્ડ અપ* (*From the Ground Up*) સહિત તેમના વિવિધ વૃક્ષારોપણ પ્રોગ્રામોથી CN દ્વારા આખા કૅનેડામાં વીસ લાખ કરતા વધુ વૃક્ષો વાવવામાં આવ્યા છે.

## ટ્રી કૅનેડા (Tree Canada) વિષયક

ટ્રી કૅનેડા (Tree Canada) એક માત્ર રાષ્ટ્રીય બિન-નફાકારક સંસ્થા છે જેઓ ગ્રામીણ અને શહેરી વાતાવરણોમાં વૃક્ષો વાવવા અને તેમના સંવર્ધન માટે સમર્પિત છે. અમારા પ્રોગ્રામો, સંશોધન અને પ્રવૃત્ત કરવાના પ્રયાસો મારફત અમે કુદરતી આફતોનો શિકાર બનેલ ક્ષેત્રોમાં વૃક્ષોના આવરણના પુનઃનિર્માણમાં સહાય કરી શક્યા છીએ અને સમુદાયોને તેમના શહેરી અરણ્યોના સંચાલનમાં માર્ગદર્શન કરી શક્યા છીએ, સાથે જ

700 જેટલા સ્કૂલયાર્ડની હરિતકરણ પરિયોજનાઓને ટેકો આપ્યો છે અને શહેરી અરણ્યની કોન્ફરન્સો યોજી છે. આજની તારીખ સુધીમાં અમારા સામાજિક ભાગીદારો અને પ્રાયોજકો સાથે મળીને અમે 830 લાખ કરતા વધુ વૃક્ષો રોપ્યા છે. વધુ માહિતી માટે, treecanada.caની મુલાકાત લો.

**CN વિષયક**

CN એક વિશ્વ સ્તરના પરિવહન આગેવાન અને વેપાર વર્ધક કંપની છે. અર્થતંત્ર માટે, ગ્રાહકો માટે અને જે સમુદાયોની સેવા કરે છે તેના માટે જે અનિવાર્ય છે તેવા 300 મિલિયન ટન કરતા વધુ કુદરતી સંસાધનો, ઉત્પાદિત પેદાશો અને ફિનિશ માલનું CN સુરક્ષિત રીતે પરિવહન દર વર્ષે આખા ઉત્તર અમેરિકામાં કરે છે. કૅનેડાના પૂર્વીય અને પશ્ચિમી દરિયાકાંઠાને યુએસ સાઉથ સાથે 19,500 માઇલ લાંબા રેલ નેટવર્ક દ્વારા જોડતા એકમાત્ર રેલરોડ તરીકે CN અને તેમના સંબદ્ધો 1919થી સમુદાયની સમૃદ્ધિ અને ટકાઉ વેપાર માટે યોગદાન આપી રહ્યા છે. CN સામાજિક જવાબદારી અને પર્યાવરણીય કારભારને સહાય આપતા પ્રોગ્રામો માટે પ્રતિબદ્ધ છે.

**સુવાક્યો**

“અમને $25,000 નું અનુદાન CN અને ટ્રી કૅનેડા (Tree Canada) તરફથી મળ્યું તેનાથી અમે અતિશય રોમાંચિત છીએ જે આપણા બૅટ્સમેન પાર્ક વૂડલોટના પુનઃનિર્માણના પ્રયાસની સહાય રૂપે છે. બ્રૅમ્પટન એક હરિત સિટી છે અને અમારા ભાગીદારો સાથે મળીને અમે બ્રૅમ્પટનના વૃક્ષોના આવરણને વધારવા માટે, અમારા શહેરી અરણ્યનું રક્ષણ કરવા અને આપણા શહેરને હરિત અને સુંદર બનાવવા માટે સમર્પિત છીએ.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"આ અનુદાનનું સીધું યોગદાન બ્રૅમ્પટનના ટકાઉપણા અને આબોહવા અંગેના લક્ષ્યોમાં છે. વૃક્ષો આપણા સમુદાયનો મહત્ત્વનો ભાગ છે જે હવાને સ્વચ્છ રાખે છે, છાયો આપે છે અને આપણા શહેરી અરણ્યને વિસ્તારવા સાથે આપણા શહેરને સુંદર બનાવે છે

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઑફ બ્રૅમ્પટનના પ્રમુખ*

સિટીના કર્મચારીઓ બ્રૅમ્પટનમાં રોકાણો ખેંચવા માટે સમર્પિત છે અને અમે CN તથા ટ્રી કૅનેડા (Tree Canada) પાસેથી મળેલ આ ભંડોળને આવકારીએ છીએ. બૅટ્સમેન પાર્ક વિસ્તારના વિદ્યાર્થીઓ તેમજ આપણા સમસ્ત સમુદાયને આ પુનઃનિર્માનથી ઘણો ફાયદો થશે. અમારા હિસ્સેદારોની સાથોસાથ અમે વધુ હરિત ભવિષ્યને આકાર આપવા પ્રતિબદ્ધ છીએ."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઑફ બ્રૅમ્પટન*

ટોરોન્ટો એન્ડ રિજન કન્ઝર્વેશન ઓથોરિટી (TRCA) સિટી ઓફ બ્રૅમ્પટન, ટ્રી કૅનેડા (Tree Canada) અને સ્થાનિક શાળાઓ સાથે 1,000 દેશી નાના મોટા વૃક્ષો રોપવા માટે સહયોગ કરવામાં આનંદ અનુભવે છે જેથી બૅટ્સમેન વૂડલોટના પુનઃનિર્માણમાં મદદ મળે. આ જબરદસ્ત પહેલથી વિદ્યાર્થીઓને શહેરી જગ્યાઓમાં વૃક્ષારોપણના લાભ વિશે જાણકારી મેળવવાની તક સાંપડશે અને વિદ્યાર્થીઓમાં કુદરતી વાતાવરણના કારભારી થવાની ભૂમિકા ભજવવા અંગે જાગરૂકતા કેળવાશે.

- *જેનિફર ઈનિસ, પ્રમુખ, TRCA બોર્ડ ઑફ ડિરેક્ટર્સ*

ટ્રી કૅનેડા (Tree Canada) કૅનેડાની એક માત્ર રાષ્ટ્રીય બિન-નફાકારક સંસ્થા અમારી CN સાથેની ભાગીદારી ચાલુ રાખવા રોમાંચિત છે જેથી CN ઈકોકનેક્શન્સ (EcoConnexions) – ફ્રોમ દ ગ્રાઉન્ડ અપ (From the Ground Up)ને સમગ્ર કૅનેડામાં રહેલ સુયોગ્ય સમુદાયો સુધી પહોંચાડી શકાય. આ પ્રોગ્રામથી CN વર્તમાન અને ભાવિ પેઢીઓ માટે સ્થિરતાની સ્થાયી વિરાસતનું નિર્માણ કરે છે, ભંડોળ પૂરું પાડે છે અને વૃક્ષોના અને હરિત સ્થળોનું આપણા આરોગ્ય અને સુખાકારી તેમજ પર્યાવરણ માટેના મૂલ્ય અંગે બહુ જરૂરી જાગરૂકતા ઊભી કરે છે.

- *ડાનિએલ સાંત-ઓબા (Danielle St-Aubin), CEO, ટ્રી કૅનેડા (Tree Canada)*

“CN ખાતે અમારે અમારી નેટવર્કમાં રહેલ સમુદાયો પર સકારાત્મક પ્રભાવ પાડવો છે અને અમારા કર્મચારીઓ, નિવૃત્ત વ્યક્તિઓ અને ભાગીદારો સાથે અમે સહુ જ્યાં પણ અમે વેપાર કરીએ છીએ ત્યાં સલામત અને ટકાઉ સમુદાયો વિકસાવવા માટે પ્રતિબદ્ધ છીએ. 2012માં આ પ્રોગ્રામ સર્જાયો ત્યારથી અમારા ભાગીદારના ટેકા સાથે અમે એક કાંઠેથી બીજા કાંઠા સુધી નગરપાલિકાઓ અને સ્વદેશી સમુદાયોને 20 લાખ કરતા વધુ વૃક્ષો રોપવામાં મદદરૂપ થયા છીએ. આમ કરીને અમે એક પછી એક સમુદાય માટે ટકાઉ ભવિષ્યનો પાયો નાંખવામાં યોગદાન આપીએ છીએ."

- *શૉં ફિન (Sean Finn), એક્ઝિક્યુટિવ વાઇસ-પ્રેસિડન્ટ, કોર્પોરેટ સર્વિસિસ અને ચીફ લિગલ ઓફિસર, CN*

"લૂઈ આર્બર સેકન્ડરી સ્કૂલના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ બૅટ્સમેન પાર્ક વૂડલોટના પુનઃનિર્માણ અને કારભારનો ભાગ બનવાથી ઉત્સાહિત છે. દેશી વૃક્ષોની પુનઃસ્થાપના કરવામાં સફલતા અને તેની દેખરેખ કરવામાં સિટી સાથે કાર્ય કરવાની તકથી વિદ્યાર્થીઓને સતત ચાલુ રહેતું વાસ્તવિક પ્રશિક્ષણ પ્રાપ્ત થશે અને તેમનો પર્યાવરણના ક્ષેત્રમાં રહેલ કારકિર્દીઓ સાથે પરિચય કરાવશે.

- *લિન્ડા રાયન (Linda Ryan), વિજ્ઞાનના કાર્યકારી વડા,* લૂઈ આર્બર સેકન્ડરી સ્કૂલ

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૅન્થ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca

કેરલ બર્નપ (Carol Burnup)
ડિરેક્ટર, કમ્યુનિકેશન્સ એન્ડ માર્કેટિંગ, ટ્રી કૅનેડા (Tree Canada)
613-567-5545 એક્સ્ટેશન. 230 (ઓફિસ) |
cburnup@treecanada.ca

Media Release

મેથ્યુ ગોટ્રો (Mathieu Gaudreault)
વરિષ્ઠ સલાહકાર, મિડિયા રિલેશન્સ, CN
1-833-946-3342 | media@cn.ca